# અસલી દૂધનો કોઈ વિકલ્પ જ નથી




અસલ દૂધનો કોઈ વિકલ્પ દુનિયા પાસે નથી. દુનિયામાં વૈકલ્પિક દૂધ પેદા કરવાના કેટલાક પ્રયોગો થતાં રહે છે. વિદેશોમાં વનસ્પતિજન્ય દૂધના વિકલ્પો શરૂ કરાયા છે. જેમ કે સોયા મિલ્ક, કોકોનટ મિલ્ક, આલ્મંડ મિલ્ક, રાઈસ મિલ્ક વગેરે, પરંતુ ભારતની વિશ્વગુરુ પ્રજાએ તો કેમિકલોમાંથી બનતું ફેક દૂધ શોધી કાઢ્યું છે. પનીર, ચીઝ, મીઠાઈઓનો માવો વગેરે શોધી કાઢ્યાં છે. દૂધનો વિકલ્પ શોધવા માટેના અમેરિકન- યુરોપ પ્રજાનાં કારણો અલગ છે.




ભારતમાં કાતિલ દૂધ એટલા માટે પેદા કરાય છે કે તે બારથી પંદર રૂપિયે લિટર કસાઈ ઉત્પાદકને પડે છે અને ચાલીસ રૂપિયાની આસપાસ બજારમાં વેચાય છે. માત્ર કોથળીઓમાં મળતું ડેરીનું દૂધ જ નકલી હોવાની શક્યતા નથી. ગોવાળ લોકો ઘરે ડિલિવરી આપે તે છૂટક દૂધ પણ બનાવટી હોવાની શક્યતા વધુ રહે છે. ડેરી ઉદ્યોગના જાણકારો કહે છે કે ડેરીના બનાવટી દૂધમાં માત્ર 20% સાચું દૂધ એટલા માટે ઉમેરવામાં આવે છે કે જેથી તેમાં અસલી દૂધનો સ્વાદ અને સુગંધ મળે. જો કે મોટા ભાગના દૂધમાં દૂધનો સ્વાદ રહ્યો જ નથી.

**કબીરા ખડા બજાર મેં**

**વિન્સી મરચન્ટ**

હમણાં મહારાષ્ટ્રના એફડીએ કમિશનર તુકારામ મુંઢે સાહેબે ખોરાક ઉદ્યોગમાં બઘડાટી બોલાવી દીધી. છાકો પાડી દીધો. ત્યાર બાદ લોકોને પૌષ્ટિક ખોરાકના નામે શું શું ખવડાવવામાં આવે છે તેની ચર્ચા વ્યાપક બની. લોકોમાં ઊહાપોહ ખૂબ વધી ગયો. જે સરકારોએ લોકોને મારી નાખવાનાં લાઈસન્સ આપી રાખ્યાં હતાં તેમણે અચાનક જાગી જવું પરંતુ હજી સુધી દેશમાં આઠ રાજ્યો જ જાગ્યાં છે. જેમાંના મોટા ભાગનાં રાજ્યોમાં ભાજપની સરકાર છે. તેઓએ એનાલોગસ પનીરના ઉત્પાદન પર પ્રતિબંધો મૂક્યા છે, બે-ત્રણ મહિનાથી કોલાહલ થઈ રહ્યો છે છતાં કેન્દ્ર સરકાર હજી વિચારી રહી છે કે એનાલોગ, અર્થાત પનીર જેવી દેખાતી પણ પનીર ન હોય તેવી ખાદ્યચીજ (કહો કે અખાદ્ય ચીજ) પર પ્રતિબંધ મૂકવો કે નહીં? આ રીતે લોકોને પૈસા લઈ છેતરવા, આરોગ્યને નામે બીમારીઓ વેચાતી આપવી તે સરકાર કેવી રીતે કરી શકે? એક અકલ્પનીય સવાલ છે પણ જવાબ એ છે કે લગભગ તમામ ખાદ્યસામગ્રીઓમાં ભેળસેળ કરવાની કાયદેસર છૂટ આપી રાખી છે.

સંસાધનો કરતાં વધુ વસતિ વધારવાનું અને અકથ્ય લોભલાલચનું આ પરિણામ છે પરંતુ વાત અહીં આપણે વૈકલ્પિક દૂધ પૂરતી મર્યાદિત રાખીશું. સરકારે માત્ર પનીર પર જ નહીં, તમામ ખાદ્યપદાર્થોમાં ભેળસેળ અને ખાદ્યપદાર્થનું સૌંદર્ય, સ્વાદ, સુગંધ વધારવા માટેનાં રસાયણો વાપરવા પર પ્રતિબંધ મૂકવો જોઈએ. માત્ર પનીર જ શા માટે? સરકાર જલ્દીથી નિર્ણય નથી લઈ શકતી તેની પાછળ અબજોના અબજો રૂપિયાનો ધંધો કરતી ફૂડ લોબી નડતી હોય એ શક્ય છે.

જે દૂધ બહારથી આપણા ઘરે આવે છે તે બનાવવા માટે યુરિયા ખાતર, ડીટરજન્ટ્સ, કોસ્ટીક સોડા, તેલ અને નકલી દૂધ અસલી જેવું લાગે, તેની ઘટ્ટતા સફેદી જળવાઈ રહે અને દુકાનોમાં જલ્દીથી બગડે નહીં તે માટે ફોર્માલીન નામનું કેમિકલ ઉમેરવામાં આવે છે. મોટી ડેરીઓમાં દૂધ મોટી અને લાંબી પાઈપલાઈનોમાંથી પસાર થતું હોય છે. મોટી કે નાની ડેરીઓમાં બેક્ટેરિયાનો પ્રાદુર્ભાવ વિશેષ હોય છે. અગાઉ દૂધ પસાર થયું હોય તે પાઈપલાઈનોમાં બેક્ટેરિયા પનપે તેને મારી નાખવા તેમાં કોસ્ટીક સોડા વગેરે કેમિકલો છોડવામાં આવે છે. સફાઈ માટે પરંતુ તેના અવશેષો નવા દૂધમાં ભળે છે. યાદ રહે કે ડેરીનું દૂધ આપણા ઘરે બે કે ત્રણ દિવસ પછી પહોંચતું હોય છે. જો બનાવટી હોય તો તેમાં કોઈ પૌષ્ટિક તત્ત્વો હોતાં નથી તેથી તે નાશ થવાની કોઈ ચિંતા નથી. છતાં તે બગડે તો ખરું? પણ ન બગડે તે માટે કેમિકલો ઉમેરીને કાળજી લીધી હોય છે. આખરે અબજો રૂપિયાનો કારોબાર છે. દૂધમાં નાઈટ્રોજન પ્રમાણ ઊંચું દેખાય તે માટે યુરિયા અને સાથે મેલામાઈન ઉમેરવામાં આવે છે. દસેક વરસ અગાઉ ચીનના ઉત્પાદકોએ ચોકલેટમાં મેલામાઈન ઉર્મેયું હતું. આ એક ખતરનાક કેમિકલ છે. દુનિયામાં એ હકીકત ગાજી ત્યારે ચીની શાસકોએ અનેક ઉત્પાદકોને ફાંસીએ લટકાવી દીધા. ભારતમાં જો કંઈક આવું ભૂલથી પકડાઈ જાય તો તેની સજારૂપે એ ચોકલેટ કે માવો વગેરે માત્ર ફેંકી દેવાના હોય છે. બનાવટી દૂધમાં ફોર્માલીન ( ફોર્મલડીહાઈડ) અને હાઈડ્રોજન પેરોક્સાઈડ એટલા માટે ઉમેરાય છે કે ગંદા પરિસરમાં દૂધનું ઉત્પાદન કરવામાં આવે તો પણ તે બગડતું નથી. લોકો હાઈડ્રોજન પેરોક્સાઈડનો ઉપયોગ વાળને રંગવા માટે કરે છે. હવે લોકોને નાની ઉંમરે ગંભીર બીમારીઓ, જીવલેણ બીમારીઓ શા માટે વળગી રહી છે તે સમજાય છે! ઝેરી દૂધથી બચવાનો એક વિકલ્પ છે કે દૂધ ન પીવું. દૂધની બનાવટો ન ખાવી. પશ્ચિમની પ્રજામાં એ ખ્યાલ વધ્યો છે કે ગાયના દૂધને બદલે વનસ્પતિ આધારિત વૈકલ્પિક દૂધ બનાવવામાં આવે તો પ્રદૂષણમાં નોંધપાત્ર ઘટાડો થાય છે. જેમ કે એક લીટર ઓટમિલ્ક પ્રાપ્ત કરવામાં પર્યાવરણને જેટલું નુકસાન પહોંચે છે તેના કરતાં ત્રણ ગણું વધુ નુકસાન ગાયનું એક લિટર દૂધ પ્રાપ્ત કરવાથી પહોંચે છે. ત્યાં નવા પ્રયોગો શરૂ થયા.

લોકો કોફીમાં ઓટમાંથી બનાવેલું અને પોપકોર્નની ફ્લેવર ધરાવતું દૂધ વાપરવા લાગ્યા. કોઈક તજ, એલચી જેવા મસાલા ઉમેરવા માંડ્યા. પરંતુ વનસ્પતિ અર્થાત ઓટ, સોયાબીન, કોકોનટ, વગેરેના દૂધની લોકપ્રિયતા વધવાને બદલે ઘટવા લાગી છે. ગયા વરસે વૈકલ્પિક દૂધના વેચાણમાં અમેરિકામાં સાડા પાંચ ટકાનો ઘટાડો નોંધાયો હતો. કુદરતે દૂધ ચીજ જ એવી બનાવી છે કે તેનો અસલી વિકલ્પ મળવો મુશ્કેલ છે. અમેરિકામાં બદામનું દૂધ વધુ સારો વિકલ્પ ગણાય છે અને તેનું ખૂબ વેચાણ પણ થતું હતું તેમાં ગયા વરસે 8%નો ઘટાડો નોંધાયો છે. બ્રિટનમાં પણ વેચાણમાં 2.5%નો ઘટાડો થયો. એ જ રીતે ફ્રાન્સ, ઈટલી, નેધરલેન્ડ્સ અને સ્પેનમાં પણ વૈકલ્પિક દૂધના વેચાણમાં ઘટાડો છે. તે સામે ડેરીના દૂધના વેચાણમાં વધારો થયો છે. અમેરિકામાં દૂધની ગુણવત્તા વખાણવાલાયક હોતી નથી. યુરોપમાં હોય છે પરંતુ અમેરિકામાં દૂધમાં ઝેરી રસાયણો હશે એવો ડર રહેતો નથી. પશ્ચિમના ગ્રાહકોને લાગે છે કે આરોગ્ય માટે ડેરી મિલ્ક શ્રેષ્ઠ છે. વળી તે વૈકલ્પિક દૂધોની સરખામણીમાં સસ્તું પડે છે. મોટી તકલીફ ભારતમાં જ છે. હવામાન માટે વૈકલ્પિક દૂધ વધુ સાનુકૂળ છે એ વિચાર 2010ના દશકમાં ફેલાયો. તેના પગલે વૈકલ્પિક દૂધનો ટ્રેન્ડ શરૂ થયો હતો. વરસ 2023માં પશ્ચિમના દેશોમાં દૂધના ભાવમાં ઘટાડો થયો તેથી પણ લોકો અસલ દૂધ તરફ વળ્યા છે. યુરોપમાં દૂધ આજે કાચની બોટલોમાં જ મળે છે. વૈકલ્પિક દૂધનું ઔદ્યોગિક સ્તરે ઉત્પાદન થતું હોય ત્યારે તે અલ્ટ્રા-પ્રોસેસ્ડ ફૂડ જ ગણાય. લોકો આજકાલ ખાદ્યપદાર્થો પરના લેબલ અને ચીજવસ્તુઓનાં તત્ત્વો તેની ટકાવારી જેમ કે દૂધમાં ગમ, તેલ, સાકર અને ફ્લેવરનું પ્રમાણ કેટલું છે તે વાંચીને દૂધની ખરીદી કરે છે. સ્વાભાવિક પ્રમાણે વૈકલ્પિક દૂધમાં આ પ્રમાણો ઉમેરવામાં આવ્યાં હોય છે. પ્રોટીન, ચરબી, મિનરલ્સ અને વિટામિનો ઉમેરવામાં આવ્યાં હોઈ શકે. કેટલાક ગુણો મૂળ વસ્તુ જેવી કે કોકોનટ,

**અમેરિકામાં બદામનું દૂધ વધુ સારો વિકલ્પ ગણાય છે અને તેનું ખૂબ વેચાણ પણ થતું હતું તેમાં ગયા વરસે 8%નો ઘટાડો નોંધાયો છે**

બદામ, સોયા વગેરેના પોતાના હોય છે. હોલ મિલ્કમાં સેચ્યુરેટેડ ચરબીનું પ્રમાણ વધુ હોય છે તેની સામે વૈકલ્પિક દૂધમાં સાકરનું પ્રમાણ વધુ હોય છે. ઓટ મિલ્ક કરતાં ગાયના દૂધમાં પ્રોટીનનું પ્રમાણ ત્રણથી ચાર ગણું વધારે હોય છે. વૈકલ્પિક દૂધમાં કેલ્શિયમ, પ્રોટીન, આયોડીન અને વિટામિનો ઉમેરેલાં હોય છે. કેટલાક ઉત્પાદકો અસલ દૂધ કરતાં વૈકલ્પિકને વધુ પૌષ્ટિક બનાવવાની કાળજી લેતા રહે છે. પશ્ચિમના બજારમાં જિનેટિકલી એન્જીનીઅર્ડ એનિમલ મિલ્ક મળતાં થયાં છે. તેમાં કરોળિયા કે સિલ્ક વર્મના રેસામાં જે પ્રોટીન હોય છે તે ઉમેરવામાં આવે છે. અમેરિકામાં સોયા મિલ્કમાં સિલ્ક પ્રોટીન ધરાવતાં દૂધ અને દહીં મળે છે જેમાં ડેરી મિલ્કની સરખામણીમાં 50% ઓછી ખાંડ સાકર હોવાનો દાવો કરાય છે. માલ્ક બ્રેન્ડનું દૂધ મળે છે તે ગમ એટલે કે ગુંદર ફ્રી હોવાનો દાવો કરાય છે. પીસ્તા, જવ, અમેરિકાના પીકન તરીકે ઓળખાતા નટ, કાજુ વગેરેનાં દૂધ પણ મળતાં થયાં છે. જે નવું હોય તે થોડો સમય વેચાય છે. અસલી દૂધની ડિમાન્ડ તો બારેમાસ હોય છે. ત્યાં સુધી કે લોકો નકલીને પણ અસલી માનીને પી જાય છે.

# ધીરેન્દ્ર શાસ્ત્રીના નિવેદનોથી બંગાળમાં ભાજપ માટે મુશ્કેલી



ઉત્તરાખંડના ધીરેન્દ્ર શાસ્ત્રી (જેઓ બાઘેશ્વર બાબા તરીકે પણ ઓળખાય છે) દ્વારા બંગાળીઓને દુર્ગાપૂજા દરમિયાન માસાંસારી ખોરાક છોડી દેવાના આપેલા આદેશ સામે ઉદ્ભવેલા તીવ્ર રોષથી પશ્ચિમ બંગાળના ભાજપના નેતાઓ ચિંતિત છે. જનતાનો વિરોધ એટલો ઉગ્ર છે કે મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીના મતવિસ્તાર ભવાનીપુરમાં પ્રદર્શનો થયા છે. જ્યારે રાજ્ય કેબિનેટ મંત્રી અગ્નિ મિત્રા પોલના મતવિસ્તાર આસનસોલમાં બાબાના પોસ્ટરો પર ચંપલ અને સેન્ડલ મારવામાં આવી રહ્યા છે. શરૂઆતમાં, શાસ્ત્રીએ પોતાની વાત પર મક્કમ રહીને પૂજા દરમિયાન માર્યે-માછલી કે માંસ ખાનારા બંગાળી હિંદુઓને બહાર ફેંકી દેવાની માંગ કરી હતી. તેમણે માસાંસારી ખોરાકને 'ગંદુ ખાણું' કહ્યું હતું અને સાચા સનાતની ભક્તોની જેમ શાકાહારી બનવાને બદલે પૂજા જેવા અત્યંત મહત્વના તહેવાર દરમિયાન માંસ અને મછલી ખાવા બદલ બંગાળીઓની મજાક ઉડાવતા તેમને 'પાંખડી' કહ્યા હતા. જો કે, દિલ્હીના તેમના માર્ગદર્શકોએ શાસ્ત્રીને ચેતવણી આપી હોય તેવું લાગે છે કે તેમણે એવા રાજ્યમાં ભાજપને રાજકીય નુકસાન પહોંચાડ્યું છે જ્યાં દુર્ગાપૂજા દરમિયાન દુર્ગા માતાને પ્રસાદ તરીકે માંસ ચડાવવામાં આવે છે. પશ્ચિમ બંગાળમાં આ વિવાદ ઊભો કર્યા પછી તેઓ સ્કોટલેન્ડ ગયા હતા, જ્યાં ભક્તોને સંબોધતી વખતે તેમણે પોતાના નિવેદન પર સફાઈ આપવાનો પ્રયાસ કર્યો હતો.તેમણે દાવો કર્યો હતો કે તેમના શબ્દોનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે તેમણે માત્ર દુર્ગા પંડાલ નજીક લોકોને માસાંસારી ખોરાક ન ખાવાની વિનંતી કરી હતી. તેમણે જાળવી રાખ્યું કે એક ધાર્મિક વ્યક્તિ તરીકે તેઓ પ્રાણીબલિનો વિરોધ કરવાનું ચાલુ રાખશે, પરંતુ જો લોકોને માંસાહાર વિશેનું તેમનું વલણ પસંદ ન આવે તો તેઓ તે સમજી શકે છે. રાજ્યના આ સૌથી આઇકોનિક ધાર્મિક અને સાંસ્કૃતિક તહેવાર દરમિયાન તેની પરંપરાઓ પર થયેલા આ પ્રહાર પછી પશ્ચિમ બંગાળમાં ભાજપના રાજકીય ભવિષ્યની ટૂંક સમયમાં પરીક્ષા થશે. 6 ઓક્ટોબરે નંદીગ્રામ (અધિકારીએ ભવાનીપુરમાં જીત્યા પછી ખાલી કરેલી બેઠક) અને રેજીનગરમાં બે વિધાનસભા પેટાચૂંટણી યોજાવાની છે. જો ભાજપ હારી જશે, તો તે કોઈપણ રાજ્યમાં નવી સરકાર માટે સૌથી ટૂંકો હનીમૂન પિરિયડ સાબિત થશે. આ જ કારણ છે કે પક્ષના નેતાઓ ડરેલા છે અને સુવેન્દુ અધિકારી પણ હવે માછલી-ભાત ખાતા પોતાના ફોટા પડાવીને પોતાનું 'બંગાળીપણું' સાબિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

**ઈધર-ઉધરકી**

**આરતી જેરથ**



# કોલકાતાનું ઐતિહાસિક રાઇટર્સ બિલ્ડિંગ ભાજપ સરકાર તોડી પાડશે?

કોલકાતાનું ઐતિહાસિક રાઈટર્સ બિલ્ડિંગ, જે મમતા બેનરજીએ તેને છોડ્યું ત્યાં સુધી દાયકાઓ સુધી મુખ્યમંત્રી કાર્યાલય અને રાજ્ય સચિવાલયનું કેન્દ્ર રહ્યું હતું, તે હવે મોટા પાયે નવિનીકરણ તરફ આગળ વધી રહ્યું છે. અને અનુમાન લગાવો કે આ જીર્ણોદ્ધારનો કોન્ટ્રાક્ટ કોને આપવામાં આવ્યો છે? તે ગૌતમ અદાણીની કંપનીઓમાંથી એકને મળ્યો છે. યાદ અપાવીએ કે, જ્યારે ભાજપે પશ્ચિમ બંગાળમાં જીત મેળવીને ઇતિહાસ રચ્યો હતો ત્યારે આ ટોચના ભાજપ સમર્થક કોર્પોરેટ લીડરે દેશભરમાં 10 લાખ લાડુ વહેંચ્યા હતા. હવે એ માત્ર અટકળોનો વિષય છે કે રાઈટર્સ બિલ્ડિંગને તોડી પાડીને 'કર્તવ્ય પથ' પર બનેલી ઘણી નવી ઇમારતોની જેમ નવેસરથી બનાવવામાં આવશે, કે પછી તેના ઐતિહાસિક વારસા અને સ્વરૂપને જાળવી રાખવા માટે માત્ર તેને સુધારીને રંગરૂપ આપવામાં આવશે?આ બિલ્ડિંગનું નિર્માણ બ્રિટિશરો દ્વારા કરવામાં આવ્યું હતું જ્યારે 1911માં રાજધાની નવી દિલ્હી ખસેડવામાં આવી ત્યાં સુધી કોલકાતા તેમનું મુખ્ય મથક હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તમામ નવી વસ્તુઓ પ્રત્યેની વિશેષ રુચિ અને ઇતિહાસ તેમને યાદ રાખે તે માટે પોતાની છાપ છોડવાની શૈલીથી પરિચિત હોવાને કારણે, કોલકાતાના જૂના રહેવાસીઓને ડર છે કે રાઈટર્સ બિલ્ડિંગને તોડી પાડવામાં આવશે અને તેની જગ્યાએ એકદમ નવું આધુનિક માળખું ઊભું કરવામાં આવશે.

# BRICS મુલાકાતીઓ માટે ગોઠવાયેલા શોપિંગ કાર્યક્રમમાં વક્રતા



મોદી સરકારે દિલ્હીની મુલાકાતે આવેલા BRICS નેતાઓના જીવનસાથીઓ (પત્નીઓ/ પતિઓ) માટે જે શોપિંગ કાર્યક્રમ બનાવ્યો હતો, તેમાં કંઈક વક્રતા જોવા મળી. શોપિંગ કરવા માટે યાદીબદ્ધ કરાયેલા સ્થળોમાં 'ખાન માર્કેટ' પણ સામેલ હતું. હા, આ એ જ ખાન માર્કેટ છે, જેનો ઉપયોગ ભાજપના નેતાઓ અંગ્રેજી બોલતા ઉચ્ચ વર્ગ પર નિશાન સાધવા માટે "ખાન માર્કેટ ગેંગ" કહીને મજાક ઉડાવવા કરે છે. મુલાકાતે આવેલા વિદેશી VVIPs માટે એક ઉચ્ચ કક્ષાના આધુનિક શોપિંગ અનુભવ તરીકે ખાન માર્કેટને ચાંદની ચોક અને જનપથની સાથે આ યાદીમાં ટોચ પર દર્શાવવામાં આવ્યું હતું. જૂની દિલ્હીના પરંપરાગત અનુભવ માટે ચાંદની ચોકનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જ્યારે હસ્તકળા અને કપડાં માટે જનપથની પસંદગી કરવામાં આવી હતી. અફસોસની વાત એ છે કે, 'કોટેજ ઇન્ડસ્ટ્રીઝ એમ્પોરિયમ'–જે દાયકાઓ સુધી વિદેશી મહાનુભાવો માટે ભારતીય શોપિંગનો અદ્ભુત અનુભવ મેળવવાનું મુખ્ય સ્થળ હતું–તે અત્યારે અત્યંત કફોડી સ્થિતિમાંથી પસાર થઈ રહ્યું છે. કર્મચારીઓ અને સરકાર વચ્ચે પગાર તેમજ અન્ય મુદ્દાઓને લઈને ચાલી રહેલા તણાવને કારણે તેના શોકેસ અને શેલ્ફ ખાલી પડ્યા છે. એવી અટકળો પણ લગાવવામાં આવી રહી છે કે જવાહરલાલ નેહરુ દ્વારા સ્થાપિત આ ઐતિહાસિક એમ્પોરિયમ ટૂંક સમયમાં બંધ થઈ શકે છે.

# મતલબી માણસોને ગમે તેટલાં સાચવશો પણ એ તમારાં નહીં થાય

વિનોદ રીપોર્ટર સિગરેટ પર સિગરેટ ફૂંકી રહ્યો હતો. નિયત સમય કરતાં આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કાવ્યા રાણા 50 મિનિટ મોડી આવી. વિનોદે એની સામે જોવાને બદલે સિગરેટનો ઊંડો કસ લીધો.

કાવ્યા એકદમ ઉશ્કેરાઈ, 'તને સિગરેટ પીતા જોવામાં મને જરાય રસ નથી. કામ બોલ.'

'કામ... હા હો, કામ. એ તો તમે રહેવા દીધું નથી...'

'મેં? સમજાય એવું બોલ...'

'તમે આપેલી ખોટી માહિતી અને વીડિયોએ મારી નોકરી, આવક ને આબરૂ માટીમાં મિલાવી દીધા...'

'જો, મારો ઈરાદો એવો નહોતો... પણ તારે ક્રોસ-ચેક કરવું જોઈએ કે નહિ?'

'શટ અપ. શિખામણ રહેવા દે તારી પાસે.'

**ક્રાઈમ કોડ**

**પ્રફુલ શાહ**

'મોઢું સંભાળીને બોલ... તારો પગાર ખાતી નથી કે મારા પર તાડુકે છે.'

'નથી જવું ને તમારે? તો રોકાવ તમારે... હું જ જાઉં છું... બસ?'

કાવ્યા રાણા કંઈ બોલે એ અગાઉ વિનોદ રીપોર્ટર ઝડપભેર બહાર જઈને બાઈકને કીક મારી. એ વખતે વિનોદે કરેલો બબડાટ કાવ્યાના કાને પડ્યો હોત તો નવા મહાભારતને શરૂ થતા કોઈ રોકી શક્યું ન હોત. સ્વાર્થીપણામાં એકમેકની મિરર ઈમેજ જેવા બંને જાણતા નહોતા કે ખારાં પાણીમાં ગમે તેટલું ગળપણ નાખો તો પણ એ મીઠું નહીં થાય; એ જ રીતે મતલબી માણસોને તમે ગમે તેટલાં સાચવશો તો પણ એ ક્યારેય તમારાં નહીં થાય.

---

ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદીએ પોલીસ સુપ્રિટેન્ડન્ટ સુરેન્દ્ર પુષ્કર્ણા ક્યારે ફોન મૂકે એની રાહ જોતા હતા.

'બોલો ત્રિવેદી, સિંહ કે શિયાળ?'



**એ પીંપરીના પહાડી વિસ્તારમાં ડરનો માર્યો ભટકતો હતો, ફફડાટ સાથે ઊંઘ, ભૂખ અને તરસને લીધે નાછૂટકે રોડ પર આવ્યો અને બેભાન થઈ ગયો. એમાં આપણા જવાનોને હાથે લાગી ગયો**

'સસલું.'

'વ્હોટ ડુ યુ મીન?'

'સર, મને ખાતરી હતી ને હજી છે કે ડાંગની ધરતી પર આતંકવાદનો છોડ ન ઉગે.'

'એટલે?'

'ચિંચલી પોલીસ સ્ટેશન હેઠળના પહાડી વિસ્તારમાં આસિસ્ટન્ટ ડિરેક્ટર કમ પ્રોડક્શન કંટ્રોલર માઈકલ ડી'કોસ્ટા અને ભુરાએ મહુડાની મદિરા મહેફિલ સાંજના છ વાગ્યે શરૂ કરી દીધી.'

'ખાલી મહુડા માટે મુંબઈનો માઈકલ આટલો દૂર જાય એ ગળે ઉતરે છે?'

'સર, માઈકલને ત્રણ-ચાર પેગ લીધા વગર ઊંઘ ન આવે. એમાંય આગલા દિવસે માઈકલનું ગળું સુક્કું રહી ગયું હતું, કાલે દારૂ મળવાની શંકા. મહુડાના સ્વાદ, સાંજ, શાંતિ અને પહાડી વાતાવરણથી માઈકલ ફટાફટ ઢીંચવા માંડ્યો. એ મદિરાની મસ્તીમાં ઝૂમવા લાગ્યો. એમાં સાંજે 7:30ની આસપાસ એનો પગ પર્વત પરથી લપસ્યો...'

'આ ભુરા ભીલનું કહેવું છે ને?'

'હા. પણ માઈકલના યુનિટના બધા મેમ્બર્સે પણ એની પીવાની આદતની વાતો કરી હતી. એના પોસ્ટમોર્ટમના રિપોર્ટ પણ એવું જ કહે છે. મુંબઈમાં પણ માઈકલ વિશે કંઈ વાંધાજનક મળ્યું નથી.'

'હમ્મ... એક એક્સિડન્ટ માની લઈએ. પણ તો ભુરો ભીલ કેમ ભાગતો ફરતો હતો?'

'સર, એ પીંપરીના પહાડી વિસ્તારમાં ડરનો માર્યો ભટકતો હતો. ફફડાટ સાથે ઊંઘ, ભૂખ અને તરસને લીધે નાછૂટકે રોડ પર આવ્યો અને બેભાન થઈ ગયો. એમાં આપણા જવાનોને હાથે લાગી ગયો.'

'ઓકે. તમારું મન શું કહે છે?'

'સર, ગુનેગાર જો સ્માર્ટ હોત તો રોડ કનેક્ટિવિટી અને સરહદી વિસ્તારનો લાભ લઈને ડાંગની બહાર નીકળી ગયો હોત.'

'ફાઈન. ભુરાને મેડિકલ ટેસ્ટ અને ટ્રીટમેન્ટ બાદ પ્રોપર રિપોર્ટ સાથે ગાંધીનગર મોકલવાની વ્યવસ્થા કરજો. હું કર્મવીર શાહને અપડેટ કરી દઈશ.'

'ઓકે, હમણાં જ રિપોર્ટ બનાવી લઉં. પછી ચિંચલીમાં રૂટિન પર લાગી જાઉં. થેન્ક યુ, સર.'ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદીએ ઊભા

**અતા-પતા-લાપતા -20**

થઈને 'જય હિન્દ' કહીને સેલ્યુટ બાદ ચાલવા માંડ્યા, ત્યાં પાછળથી સુરેન્દ્ર પુષ્કર્ણાનો અવાજ આવ્યો, 'થેન્ક યુ, યંગમેન. આઈ એમ પ્રાઉડ ઓફ યુ.'

•••

'ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદી હાય હાય... ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદી મુર્દાબાદ...'

આહવા સમાજના હૉલમાં પ્રેસ કોન્ફરન્સમાં વધુ એક ઉત્સાહીએ ચીસ પાડી, 'ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદી કૌન હૈ?'

'નિકમ્મા હૈ, નિકમ્મા...'

'બોલો, બોલો, ઈન્સ્પેક્ટર નિરવ ત્રિવેદી કૌન હૈ?'

'કામચોર હૈ... કરપ્ટ હૈ... ચમચેબાજ હૈ...'

( ક્રમશઃ)

**સટાક — કમલ**

